# લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ સૂઈગામ તાલુકા તા.૨૦.૫.૧૬

| અ.નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટા વિભાગની વિગત | ગામ | તાલુકો | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી /પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ નંબર | ફરિયાદનો વિગતવાર પ્રત્યુત્તર | નિરાકરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૪.૫.૧૬ | ભાટી નરસિંહભાઈ ધુડાભાઇ | ભટાસણા | સૂઈગામ | તાલુકા માં જી.ઈ.બી. ની ઓફિસ શરૂ કરવા બાબત | ડીસા ૧/વાવ | બી.આર.ચૌધરી નાયબ ઈજનેર ઊ.ગુ.વિ.કં.લી.,પેટા વિભાગીય કચેરી,વાવ મો:૯૯૨૫૨૧૨૧૮૪ | સૂઇગામ તાલુકામાં વડી કચેરી દ્વારા તા.૦૫-૦૨-૨૦૧૫ થી મંજૂરી મળેલ છે. હાલમાં સૂઇઅગામ ખાતે નવિન કચેરી માટે તા.૨૩-૦૩-૨૦૧૬ ભાડાના મકાનની મંજૂર કરી ફાળવણી કરવામાં આવેલ છે. સૂઇગામ ખાતે જરૂરી મહેકમ પ્રમાણે સ્ટાફનુ વિવરણ નીચે પ્રમાણે છે.<br><br>અ.નં. જગ્યાનુ નામ મંજૂર થયેલ જગ્યા ભરાયેલ જગ્યા ખાલી જગ્યા<br>૧ નાયબ ઇજનેર ૦૧ ૦૦ ૦૧<br>૨ જુનીયર ઇજનેર ૦૨ ૦૦ ૦૨<br>૩ સીની.આસીસ્ટન્ટ ૦૨ ૦૧ ૦૧<br>૪ જુની.આસીસ્ટન્ટ ૦૯ ૦૧ ૦૮<br>૫ લાઇન ઇન્સપેક્ટર ૦૧ ૦૧ ૦૦<br>૬ લાઇનમેન ૦૨ ૦૨ ૦૦<br>૭ આસી.લાઇનમેન ૦૨ ૦૨ ૦૦<br>૮ ઇલે.આસીસ્ટન્ટ ૧૨ ૧૨ ૦૦<br>કુલ ટોટલ ૩૧ ૧૯ ૧૨<br><br>નવિન કચેરી માટે નાયબ ઇજનેરની નિમણૂક ૧૫ દિવસમાં મંજૂર કરવામાં આવશે. ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા હાલ ચાલી રહેલ છે જે ૪ (ચાર) મહિનામાં ભરતી-બઢતીની પ્રક્રિયા પુરી કરી ખાલી જગ્યા ભરવામાં આવશે. નવિન કચેરી ખાતે લાઇન સ્ટાફની ફાળવણી કરવામાં આવેલ છે. જે હાલમાં કાર્યરત છે. વધુમાં સૂઇગામ તથા તેની આજુબાજુની જૂથ પંચાયતો ખાતે ઇ-ગ્રામ અને પોસ્ટ ઓફીસ દ્વારા બિલ કલેકશન કરવામાં આવે છે. | નિકાલ |
| ૨ | ૧૬.૫.૧૬ | રાઠોડ નાગજીભાઇ રવાભાઇ | નેસડા(ગો) | સૂઈગામ | કેન્દ્ર સરકાર ની ઉજાલા યોજના હેઠળ એલ.ઈ.ડી લૅમ્પ નું વિતરણ કરાવવા બાબત | ડીસા ૧/વાવ | બી.આર.ચૌધરી નાયબ ઈજનેર ઊ.ગુ.વિ.કં.લી.,પેટા વિભાગીય કચેરી,વાવ મો:૯૯૨૫૨ ૧૨૧૮૪ | હાલ માં કેન્દ્ર સરકાર દ્વારા નવીન યોજના DELP (ડોમેસ્ટિક એફફીસીએંટ લાઇટનિંગ પ્રોગ્રામ) ચાલુ કરેલ છે.જેની શરુઆત ૨૬-૫-૨૦૧૬ ના રોજ થવાની હોઇ દરેક ઘરવપરાશ કરતાં વીજ ગ્રાહક ને એલ,ઈ.ડી લૅમ્પ આપવા ની કાર્યવાહી કરવામાં આવશે.જેમાં નેસડા(ગો) ગામ ના વીજ ગ્રાહક ને પણ સદર યોજના નો લાભ મળી રહેશે.જેની નોંધ લેશો. | નિકાલ |
| ૩ | ૧૭.૫.૧૬ | રાજપૂત થાનાજી દુદાજી | ભરડવા | સૂઈગામ | ભરડવા ગામે અતિવૃષ્ટિ માં પડી ગયેલ થાંભલા નું સમારકામ કરવા બાબત | ડીસા ૧/વાવ | બી.આર.ચૌધરી નાયબ ઈજનેર ઊ.ગુ.વિ.કં.લી.,પેટા વિભાગીય કચેરી,વાવ મો:૯૯૨૫૨ ૧૨૧૮૪ | ગત વર્ષે સૂઈગામ તાલુકા ના ભરડવા ગામે તથા બીજા ગામડા ઓ માં અતિવૃષ્ટિ ના કારણે ઘણાં ખરા વીજ થાંભલાઓ ક્ષતિગ્રસ્ત થવાથી વીજ વિક્ષેપ થવા પામેલ.જે દરમ્યાન અત્રે ની કચેરી દ્વારા યુદ્ધ ના ધોરણે કામગીરી કરી જે સ્થળે શકય હોય ત્યાં વીજ થાંભલા ઊભા કરી અને જ્યાં શકય ના હોય ત્યાં વીજ કેબલ દ્વારા દરેક વીજ ગ્રાહક ને વીજ પૂરવઠો પૂરો પાડેલ.જેમાં ભરડવા ગામમાં વરસાદી પાણી આશરે બે માસ સુધી ભરાઈ રહેલ હોવા થી પડી ગયેલ વીજ થાંભલા ઊભા કરી શકાયેલ નહોતા.પરંતુ ગામના દરેક વીજ ગ્રાહકને વીજ કેબલ દ્વારા વીજ પુરવઠો પૂરો પાડેલ.વધુ માં પડી ગયેલ વીજ થાંભલા નું સમારકામ તા.૧૯.૫.૨૦૧૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ |